# ગાંધીનગરમાં અગનવર્ષા : તાપમાન ૪૪ ડિગ્રી

**આકરી ગરમીથી જનજીવન શેકાયુ : શહેરમાં સતત બીજા દિવસે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઇ : લોકડાઉન સાથે આકરી ગરમીના લીધે બપોરના સમયે શહેરમાં સન્નાટો : શ્રમિકોની હાલત કફોડી : ગરમીથી બચવા માટે નાગરિકો ઘરમાં પુરાયેલા રહ્યા : રાજયમાં ડીસા અને અમદાવાદ બાદ ગાંધીનગર ત્રીજા નંબરે ગરમ : આક્રમક હીટવેવના લીધે નગરજનો સુન્ન**



ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં આજે આકાશમાં અગ્નગોળા વરસ્યા હતા. ગરમીનો પારો ૪૪ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ આક્રમક હીટવેવથી વ્યથિત બન્યા હતા. શહેરમાં છેલ્લા દોઢ મહીનાથી ગરમીનો પારો સતત ઉંચે ચઢતો રહ્યો છે. જયારે છેલ્લા એક સપ્તાહથી મહત્તમ તાપમાન ૪૧ થી ૪૪ ડીગ્રી વચ્ચે રહેતા સતત ગરમીના લીધે જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. આજે સવારથી જ વાતાવરણમાં આકરી ગરમીનો અહેસાસ કરતા નગરજનો દિવસ દરમિયાન કામ સિવાય ઘરની બહાર નિકળ્યા ન હતા. જયારે બપોરના સમયે લોકડાઉનમાં છુટછાટ આપવામાં આવી હોવાછતા નગરના માર્ગો પર પાંખી અવરજવર જોવા મળી હતી. છેલ્લા ઘણાં સમયથી વાતાવરણ પર ગરમીનુ પ્રભુત્વ હોવાથી જનજીવન હીટવેવની અસર વચ્ચે સુન્ન પડી ગયુ છે. આમ પણ લોકડાઉન વચ્ચે નગરમાં વિશેષ ચહલ પહલ જોવા મળતી નથી. લોકડાઉન ૪ ના અંતે થોડીઘણી છુટછાટ આપવામાં આવી છે. પરંતુ બીજીતરફ ગરમીનુ જોર પણ વધતા બપોરના સમયે લોકડાઉન જેવી જ સ્થિતિ જોવા મળી રહી છે. નગરના શોપિંગ બજારો સવારે ૮ થી ૩ ખુલ્લા રાખવાની મંજુરી આપવામાં આવી છે. પરંતુ વેપારીઓ સવારે દુકાન ખોલે ત્યાં જ ૯ વાગી જાય છે. અને બે કલાકમાં જ આકરો તાપ થઈ જતા નગરના શોપિંગ બજારોમાં કોઈ ખાસ વિશેષ ભીડ જોવા મળતી નથી. કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે ગરમી પણ નગરજનો માટે હવે મુસીબતનુ કારણ બની છે. આક્રમક ગરમીમાં હીટવેવની અસરથી બચવા માટે નાગરિકો આમ પણ શરીરના અંગો ઢાંકીને જતા નજરે પડી રહ્યા છે. સમગ્ર રાજયમાં આજે વિવિધ શહેરોમાં ગરમીનો પ્રકોપ વધ્યો હતો. રાજયમાં ડીસા સૌથી ગરમ શહેર બન્યુ હતુ ડીસામાં મહત્તમ તાપમાન ૪૪.૯ ડીગ્રી સાથે રેકર્ડ બ્રેક નોંધાયુ હતુ. આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં પણ ૪૪.૬ ડીગ્રી સાથે મહત્તમ ગરમી નોંધાઈ હતી. જયારે અમદાવાદમાં પણ ગરમીનો પારો ૪૪ ડીગ્રીને પાર અલબત્ત ૪૪ .૧ ડીગ્રી રહ્યો હતો. ગાંધીનગરમાં પણ છેલ્લા ચાર દિવસથી ૪૪ ડીગ્રીની આસપાસ મંડરાયેલા ગરમીનો પારો આજે હદ વટાવી ગયો હતો. લોકડાઉન વચ્ચે ગરમીનો મિજાજ ઉગ્ર બનતા નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળ્યા ન હતા જયારે ગરમીથી બચવા માટે ઠંડા થવા અનેક નુસખાઓ પણ નાગરિકોએ અજમાવ્યા હતા. જો કે રાત્રિનુ તાપમાન ગઈકાલની સાપેક્ષમાં ૪ ડીગ્રી ગગડયુ હતુ. અલબત્ત લઘુત્તમ તાપમાન ૨૫ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. દિવસ દરમિયાન ગરમીના લીધે નગરજનો ઘરમાં બેઠા પણ મુંઝાયા હતા. રેકર્ડ બ્રેક ગરમી વચ્ચે શ્રમિકોની હાલત કફોડી બની છે. કોરોનાના સંક્રમણ વચ્ચે લું લાગવા સહીત ગરમીની આડઅસરથી બચવા માટે પણ નાગરિકોને ઘરમાં રહેવા જણાંવાયુ છે. હેલ્થ એક્સપર્ટ્સે બપોરના સમય દરમિયાન જરૂરી ન હોય તો લોકોને ઘરની બહાર ન નીકળવાની સલાહ આપી છે. શહેરના એક ફિઝિશિયને જણાવ્યું, બપોરના ૧૨ થી ૪ના સમયગાળા દરમિયાન સીધા તડકામાં આવતા બચવું જોઈએ. હળવા રંગના અને ખુલ્લા કપડા પહેરવા જોઈએ અને ખોરાક પણ હળવો લેવો જોઈએ જેથી પચવામાં સરળ રહે. બહાર નીકળતા સમયે ચશ્મા પહેરો અને તમારા ચહેરા અને માથાને કવર કરી રાખો.

**ક્યાં કેટલું તાપમાન**

| | |
|---|---|
| ડીસા | ૪૪.૯ |
| સુરેન્દ્રનગર | ૪૪.૬ |
| કંડલા | ૪૪.૨ |
| અમદાવાદ | ૪૪.૧ |
| ગાંધીનગર | ૪૪.૦ |
| અમરેલી | ૪૩.૨ |

# નાગરિક બેંક પોલીસી તૈયાર કરશે

**આત્મનિર્ભર યોજના અન્વયે શ્રેષ્ઠ કામગીરી કરવાની નેમ : મહત્તમ ધિરાણ કરી વધુ કુંટુબોને લાભ મળે તેવુ આયોજન કરાશે : આ માટે બેંક એક સ્પેશિયલ ટીમ પણ કામે લગાડશે : આગામી બુધવારે બેંકની બોર્ડ બેઠક મળશે : શુક્રવારથી ફોર્મ વિતરણ કરાશે કોરોનાના કપરા કાળમાં બેંક સેવાના અભિગમ સાથે ઉત્તમ કામગીરી કરશે : નાગરિક બેંકના એમ.ડી. - વિપુલ પટેલ**

ગાંધીનગર તા ૨૧

આત્મનિર્ભર યોજના અન્વયે ગાંધીનગર નાગરિક બેંક આગામી બુધવારે બોર્ડ બેઠકમાં નવી પોલીસી તૈયાર કરશે જયારે નવી પોલીસીમાં ધિરાણની સાથે રીકવરીના પરિબળોને પણ ધ્યાને લેવાશે સરકારની આ યોજનાનો ફાયદો મહત્તમ લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે બેંક કપરા સમયગાળામાં શ્રેષ્ઠ કામ કરશે આ માટે બેંક કક્ષાએ એક સ્પેશિયલ ટીમ પણ બનાવાશે તેમ પણ બેંકના એમ ડી વિપુલ પટેલે જણાંવ્યુ છે. જયારે આગામી શુક્રવારથી ફોર્મ વિતરણ પણ શરૂ કરી દેવાશે.

આત્મનિર્ભર ગુજરાત રાજય સરકારનો એક મહત્વનો કાર્યક્રમ છે. કેન્દ્ર સરકારે આ યોજનાને અનુલક્ષીને રૂ ૬ હજાર કરોડની ફાળવણી કરી છે. આ યોજના અંતર્ગત દુકાનદારો, રિટેલર્સ, કારપેન્ટર, પ્લમ્બર, ઈલેક્ટ્રીશીયન , ફીટર , મિકેનિક, ફેરિયા સહીત નાના અને સામાન્ય વર્ગના નાગરિકોને લાભ મળે તે મુજબ બેંકના માધ્યમથી ધિરાણ મળે તેવુ આયોજન કરાયુ છે. આ



અન્વયે કો ઓપરેટીવ બેંકના માધ્યમથી માત્ર ૨ ટકાના વાર્ષિક વ્યાજે રૂ ૧ લાખ સુધીનુ ધીરાણ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે અન્ય ૬ ટકા વાર્ષિક વ્યાજનો બોજ સરકાર ઉઠાવશે તેવી પણ જોગવાઈ યોજના અન્વયે કરવામાં આવી છે. આ યોજના અન્વયે રાજય તેમજ શહેરની વિવિધ કો ઓપરેટીવ બેંકના માધ્યમથી ફોર્મ વિતરણ પણ શરૂ કરી દેવાશે. ગાંધીનગર નાગરિક બેંક પણ આ દિશામાં મહત્તમ શ્રેષ્ઠ પગલા લઈ શકાય તે દિશામાં આયોજન કરી રહ્યુ છે. નાગરિક બેંકના મેનેજીંગ ડિરેકટર વિપુલ પટેલે આ અંગે જણાંવ્યુ હતુ કે આગામી બુધવારે મળનારી બોર્ડ બેઠકમા આ નવા ધિરાણ અંગેની પોલિસી તૈયાર કરાશે. બધી બેંકો આ માટે જાતે પોલીસી તૈયાર કરે છે. જયારે રીકવરીના પરિબળોને પણ ધ્યાને લઈ નિર્ણય લેવાશે. બેઠકમાં ઠરાવના અંતે સપ્તાહના અંતમાં ફોર્મ વિતરણનુ કામ શરૂ

● અનુસંધાન પાન-૭ પર



આત્મનિર્ભર યોજના - શહેરમાં આત્મનિર્ભર યોજના સંદર્ભે લોનના ફોર્મ લેવા સવારથી જ સહકારી બેંકોના પ્રાંગણમાં લાઈન લાગી હતી... જોકે મોટાભાગની સહકારી બેંકોમાં હજુ ફોર્મ તૈયાર નહિ થયાની જાહેરાત કરાઈ હતી. જ્યારે એકાદ બેંકમાં ફોર્મ અપાયાની માહિતી પણ છે... ૧ લાખ રૂપિયાની અને ૨ ટકાના વ્યાજે લોન લઈ પોતાના વ્યવસાય-ધંધાને બચાવી લેવા માટે ભારે ઉત્સુકતા વર્તાતી હતી.

# શહેર-જિલ્લામાં કોરોનાના કેસો ૧૯૮ થયા

**પાંચ દર્દીઓ વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે : શહેરના ૭૬ કેસ તો ગ્રામ્ય વિસ્તારના ૧૨૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૧૯૮ પર પહોંચતા જિલ્લાતંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૨૦૦ની નજીક સરકવા લાગી છે.

જિલ્લામાં જે ૧૯૮ કેસ નોંધાયા છે તેમાં ૭૬ કેસ શહેરી વિસ્તારમાં તો ૧૨૨ કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. જિલ્લો રેડ ઝોનમાં મુકાયેલો છે.

જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી ૧૦ દર્દીઓના સારવાર દરમ્યાન મોત થયા છે જેમાં નવ ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ છે તો ૧ શહેરી વિસ્તારના નોંધાયેલ દર્દી છે. જિલ્લામાં નોંધાયેલ કેસો પૈકી ૯૦ દર્દી રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જયારે ૯૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે હાલ સારવાર હેઠળ છે.

જિલ્લો હાલ રાજ્યમાં સૌથી વધુ નોંધાયેલા કેસોમાં ચોથા સ્થાને છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાંચ જેટલા દર્દીઓ હાલ વેન્ટીલેટર પર હોવાનું પણ જાણવા મળેલ છે. જિલ્લામાં સિવિલ હોસ્પિટલ ઉપરાંત કોલવડા આયુર્વેદ કોલેજ ખાતે બનાવાયેલ કોવિડ કેર સેન્ટર અને ગોયેન્કા હોસ્પિટલમાં દર્દીઓની સારવાર ચાલી રહી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કોવિડ-૧૯ ની ખાસ ઓ.પી.ડી. પણ કાર્યરત કરવામાં આવેલી છે.

જિલ્લામાં હાલ ૩૦૦૦ થી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે તેમજ કન્ટેનમેન્ટ ઝોનમાં એક લાખ જેટલી વસ્તીને આવરી લેવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં સે. ૩-ડીમાં આજે મળેલ કેસ પછી આ સેકટરના ચારે ખુણેથી કેસો મળી આવ્યા છે. જોકે તંત્રએ તમામ ખુણાઓમાંથી મળેલા કેસોને ધ્યાને રાખી દર્દીઓના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારોને કન્ટેનમેન્ટ ઝોનમાં આવરી લીધા છે. શહેરમાં સૌથી વધુ કેસ સે. ૨૪ માંથી મળ્યા છે. જ્યાંથી ૧૮ કેસ મળી આવ્યા છે. જયારે સે. ૩ માંથી ૧૦ કેસ મળ્યા છે. આ ઉપરાંત સે. ૩-ન્યુ માંથી પાંચ કેસ મળ્યા છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૪ કેસ

**વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાયા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૪ કેસ મળતાં તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ૪ કેસ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૪ કેસો લોકલ ટ્રાન્સમિશનથી થયા છે. જે ૪ કેસો મળ્યા છે તેમાં કોલવડા અને આલમપુર ખાતેના ૧-૧ કેસનો સમાવેશ થાય છે. આ બન્ને ગાંધીનગર જીઆઈડીસીમાં એક ખાનગી ઉદ્યોગ કંપનીમાં અગાઉ સંક્રમિત થયેલ દર્દીના સંપર્કમાં હોવાની વિગતો જાણવા મળેલ છે. આ બન્ને દર્દીઓ ક્વોરોન્ટાઈન હેઠળ હતા અને તેમના નમૂના લેતાં તેઓનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. બન્ને દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ભાટ ગામેથી વધુ એક કેસ કોરોના પોઝીટીવનો મળી આવ્યો છે. આ દર્દી અમદાવાદ-ગાંધીનગર હાઈવે પર આવેલ એક ખાનગી હોસ્પિટલમાં સિક્યોરીટી ગાર્ડ તરીકે ફરજો બજાવે છે.

આ ઉપરાંત રાંદેસણ ગામેથી પણ વધુ એક કેસ કોરોના પોઝીટીવનો મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દીના પત્ની અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ફરજો બજાવે છે. તેનાથી તે સંક્રમિત થયા હોવાનું જાણવા મળેલ છે. આ દર્દી ગાંધીનગર મનપામાં હેલ્થ વર્કર તરીકેની ફરજો બજાવતા હોવાનું પણ જાણવા મળેલ છે.

આ દર્દીઓને પણ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જિલ્લા આરોગ્યતંત્રની અખબારી યાદીમાં જણાવાયા મુજબ જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી ૬૮ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી નવ દર્દીઓના સારવાર દરમ્યાન મોત થયા છે.

આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જેમાં ૬ પુરૂષ દર્દી અને ૪ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. જિલ્લામાં હાલ ૨૬૮૦ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

# શહેરના સે. ૩-ડી માંથી એક કેસ કોરોના પોઝીટીવનો મળ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક કેસ મળી આવેલ છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૭૬ થઈ છે.

ગાંધીનગર શહેરના સે. ૩-ડી માંથી આ દર્દી મળી આવેલ છે. દર્દી સચિવાલય સંકુલમાં આવેલ નર્મદા નિગમમાં ફરજો બજાવી રહેલ હોવાનું જાણવા મળેલ છે. નર્મદા નિગમની કચેરીમાંથી આ બીજો કેસ મળતાં તંત્ર એલર્ટ બન્યુ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૩ માંથી અત્યાર સુધીમાં ૧૦ કેસ મળી આવ્યા છે. તંત્ર દ્વારા દર્દીના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારો સહિત સમગ્ર સેક્ટરમાં સઘન હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે. ૩ માં નોંધાયેલા ૧૦ કેસ પૈકી ૭ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આજે સે. ૩-ડી ના ૬૭ મકાનોમાં રહેતા ૩૮૮ લોકોને કન્ટેનમેન્ટ ઝોનમાં આવરી લેતુ જાહેરનામુ પણ જારી કરી દેવામાં આવ્યુ છે. ગાંધીનગર શહેરમાં નોંધાયેલા ૭૬ કેસ પૈકી હાલ ૩૪ કેસ એક્ટિવ કેસ તરીકે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે ૪૧ દર્દી રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.




# ‘હું પણ કોરોના વોરિયર’ અભિયાનનો રાજયવ્યાપી પ્રારંભ

**રૂપાણીએ અભિયાનની શરૂઆત કરાવી : જીતશે ગુજરાત-હારશે કોરોનાના મંત્ર સાથે ગુજરાતી કોરોના સામે લડાઈમાં યોદ્ધ તરીકે જોડાય તેવું રૂપાણીનું આહવાન**

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વવ્યાપી કોરોના વાયરસના સંક્રમણ સામેનો ગુજરાતનો જનસહયોગ જંગ ‘હું પણ કોરોના વોરિયર’ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતાં સૌને ‘‘જિતશે ગુજરાત-હારશે કોરોનાનો’’ વિજયમંત્ર આપ્યો હતો. મુખ્યમંત્રીએ રાજયના ૩૩ જિલ્લામથકોએ ઉપસ્થિત રહેલા સમાજ અગ્રણીઓ સંતો-મહંતો, વિવિધ વર્ગોના પ્રતિષ્ઠિત નાગરિકો સાથે વિડીયો કોન્ફરન્સ સંવાદ દ્વારા આ જનઅભિયાન ‘હું પણ કોરોના વોરિયર’ શરૂ કરાવ્યું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, કોરોનાની આ મહામારી સામેની આપણી લડાઈ લાંબી ચાલવાની છે ત્યારે ડરીને કે હારી-થાકીને બેસી જવા કરતાં રોજિંદી જીવન પ્રવૃત્તિઓ કેટલાક નિયમોના પાલન સાથે કરવાની, કોરોના સાથે-કોરોના સામે જીવવાની માનસિકતા કેળવવી પડશે. એ હેતુસર આ અભિયાન સમયોચિત જનઅભિયાન બની રહેવાનું છે એમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ વોરિયર-યોદ્ધાની રણસંગ્રામમાં જે ભૂમિકા હોય કે તે કદી હારવાની નહિ પરંતુ જિતવાની જિજિવીષાથી જ યુદ્ધ મેદાનમાં ઉતરે તેમ આપણે સૌએ કોરોના સંક્રમણ સામેની લડાઇ જીતવાની સંકલ્પબદ્ધતા દિલો દિમાગમાં લાવી ‘હું પણ કોરોના વોરિયર’ તરીકે કોરોના સામે યુદ્ધ લડવાનું છે તેની વિશદ છણાવટ પણ કરી હતી. વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, આ અભિયાનમાં સ્વ થી ઉપર ઉઠીને પરિવારની અને સમસ્ત સમાજની ચિંતા કરવાની છે. આપણી એકાદ ભુલ કોઈને નુકશાન ન કરે તેની સાવધાની સાથે કોરોના સંક્રમણથી પોતે પણ બચવાનું અને બીજાને પણ સંક્રમિત થતા બચાવવાનું કાર્ય વોરિયર તરીકે કરવાનું તેમણે માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે ૨૦૨૦ના વર્ષની શરૂઆતમાં કોઈને કલ્પના પણ નહોતી કે આવી વિશ્વવ્યાપી મહામારી આવવાની છે. આજે દુનિયાનો કોઈ દેશ, ભારતનું કોઈ રાજ્ય કોરોનાથી બાકાત નથી. એટલું જ નહિ, સૈકામાં પહેલીવાર કવોરેન્ટાઈન, કન્ટેઈનમેન્ટ, એવા નવા શબ્દો પણ પ્રસ્થાપિત થયા. આ સંક્રમણથી બચવા લોકડાઉનના અમલના દરેક તબક્કાએ નવી નવી સ્થિતી સર્જી અને તેને અનુરૂપ નિર્ણયો પણ આપણે કર્યા છે. તેમણે ઉમેર્યુ કે, હવેનું લોકડાઉન-૪ નવા રૂપરંગ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com